# રાજ્યમાં ૧૪ વનબંધુ જિલ્લાના ૨૮ સ્થળોએ ઉજવણી

## મુખ્યમંત્રીએ એક જ દિવસમાં એક સાથે ૬ શાળાઓના લોકાર્પણ, ૪ના ખાતમુહૂર્ત દ્વારા ૧૩૬.૪૦ કરોડના વિકાસ કામોની ભેટ આપી : ૪૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને મળશે લાભ

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ તા. ૯ મી ઓગસ્ટની રાજ્ય ઉજવણી પ્રસંગે ગુજરાતના વનબંધુ વિદ્યાર્થીઓને રૂ.૧૩૬.૪૦ કરોડના ૧૦ શાળા-હોસ્ટેલ-સ્પોર્ટ્સ સંકુલની વિકાસ ભેટ આપી છે.

વિશ્વભરના મૂળ નિવાસી સમુદાયો એવા આદિવાસી વનબંધુ સમાજોને અન્ય વિકસિતોની હરોળમાં લાવી, શિક્ષણ સહિતના હક, અધિકારો માટે યુનોની સામાન્ય સભાએ દર વર્ષે ૯ મી ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવાનું ઘોષિત કરેલો છે.

ગુજરાતમાં અંબાજીથી ઉમરગામની સમગ્ર આદિજાતિ વનબંધુ પટ્ટીના ૧૪ જિલ્લાના ૨૮ સ્થળોએ આ દિવસની વિકાસ પર્વ તરીકે ઉજવણી કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી આ ઉજવણીમાં સહભાગી થતા બનાસકાંઠાના દાતા, સાબરકાંઠાના ખેડબ્રહ્મા, અરવલ્લીના શામળાજી, નર્મદાના ડેડીયાપાડા તથા પંચમહાલના ઘોઘંબા તાલુકામાં કુલ ૭૧ કરોડના ખર્ચે મોડેલ સ્કૂલ, કન્યા છાત્રાલય. એકલવ્ય રેસિડેન્સીયલ શાળા સંકુલ અને સ્પોર્ટસ સંકુલના ઈ-લોકાર્પણ કર્યા હતા.

આ સુવિધાઓનો અંદાજે ૨૭૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને લાભ મળવાનો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શિક્ષણના વ્યાપથી જ વિકાસ શક્ય છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કરતા આ અવસરે કહ્યું કે શિક્ષિત સમરસ અને વિકાસોન્મુખ સમાજના નિર્માણ માટે આપણે એક પણ આદિજાતિ બાળક શિક્ષણથી વંચિત ના રહે તેવી વ્યવસ્થાઓ અંતરિયાળ અને દૂર-દરાજના ગામો સુધી સુનિશ્ચિત કરી છે.

મુખ્યમંત્રીએ આ ઉજવણી અન્વયે છોટાઉદેપુરના નસવાડી અને બોડેલી તેમજ સાબરકાંઠાના પોશીનામાં કુલ રૂ. ૬૫ કરોડના ખર્ચે નિર્માણ થનારા શાળા-નિવાસી શાળા સંકુલના ઈ-ભૂમિપૂજન સંપન્ન કર્યા હતા. ૧૮૬૦ વનબંધુ છાત્રોને આ સંકુલ નિર્માણથી શિક્ષણ સુવિધા ઘર આંગણે પ્રાપ્ત થવાની છે.



મુખ્યમંત્રીએ જણાવ્યું કે પ્રકૃતિની ગોદમાં અને પ્રકૃતિની વચ્ચે વન સાથે રહેનારા આ સમાજે ભારતીય સંસ્કૃતિ અને પરંપરા જાળવ્યા છે.

આ સંદર્ભમાં તેમણે ઈતિહાસમાં રામાયણકાળમાં ભગવાન રામને મદદરૂપ થયેલા રાજા નિશાદ, સોમનાથની રક્ષા માટે પ્રાણ આપનારા વેગડા ભીલ અને આઝાદી સંગ્રામના આદિવાસી ક્રાંતિવીરો બિરસા મુંડા, ગોવિંદ ગુરુનું સ્મરણ કર્યુ હતું.

## ખૂણેખાંચરેથી

- ૧૯૯૦ આઈ.એ.એસ. બેંચને પ્રમોશન આપવાની કાર્યવાહી સરકાર દ્વારા ટુંકમાં જ આટોપવામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે સેવા સહકારી મંડળીના નિયામક મંડળની ૮ બેઠકો માટે ચૂંટણી ૧૬ ઓગષ્ટના રોજ યોજાવાની હોઈ તાલુકાના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે.
- જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં હવે આરોગ્યતંત્ર ખાસ કેમ્પ કરી અને કોરોનાના કેસો શોધશે.
- ગાંધીનગર શહેરના અનેક વિસ્તારોમાં છેલ્લા બે દિવસમાં થયેલા બે ઈંચ જેટલા વરસાદથી પાણી ભરાઈ જવા પામ્યા છે.
- ગ્રાન્ટના ઉપયોગ અંગે શહેર ભાજપ દ્વારા કાઉન્સીલરોને પત્ર લખી વિગતો આપવા જણાવતા ભાજપનું આંતરિક રાજકારણ ગરમાયુ છે.
- રાજ્યમાં પાક-વીમા તેમજ ખેડૂતોના અન્ય પ્રશ્નો અંગે આજે મુખ્યમંત્રી દ્વારા ખાસ જાહેરાતો થશે તેવા સંકેતો મળી રહ્યા છે.
- નવી ઉદ્યોગનીતિની જાહેરાતની સાથે જ એમ.એસ.એમ.ઈ. સેકટરના પ્રશ્નો અંગે ભાજપના સાથી સંગઠન લઘુ ઉદ્યોગ ભારતીએ બેંકલોન વખતે ભરવી પડતી સ્ટેમ્પ ડ્યુટીની પુનઃ સમીક્ષા કરવા માંગ કરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મોદીજી હવે સાતમને 'વિશ્વ થેપલા દિવસ'ની માન્યતા અપાવી દે ને તો આપણો ડંકો વાગી જાય...!!

# પેથાપુર ખાતે યુવક પર તિક્ષ્ણ હથીયાર વડે હુમલો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામે દિપોમાતાના મંદિર નજીક રાત્રીના સુમારે યુવક પર તિક્ષ્ણ હથીયારના ઘા મારતા યુવક ઈજાગ્રસ્ત થયો હતો. જેને પગલે તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.બનાવ અંગે પેથાપુર પોલીસ સ્ટેશનને ફરીયાદ નોંધાવતા હત્યાના પ્રયાસનો ગુનો દાખલ થયો છે.

ધંધુકા પાસે આવેલા ફેદરા ગામના વતની અને હાલ પેથાપુર સ્વપ્નવીલા-૩ ખાતે રહેતા જયપાલસિંહ જયદેવસિંહ રાણા (ઉ.૩૮) ૭ઓગસ્ટની રાત્રીના મિત્રો પાસે બેસીને ઘર તરફ જઈ રહ્યો હતો. યુવક રાત્રીના સમયે દિપોમાતાના મંદિર પાસે બાઈક સ્લીપ થઈ જતા તે પડી ગયો હતો, અને કાદવ કિચડમાં કપડા પણ બગડી ગયા હતા. ત્યારે ફરીયાદીએ ફોન કરતા મિત્ર અજીતસિંહ ગાડીને લઈને આવી ગયા હતા. ગાડીમાં ભુપેન્દ્રસિંહ વાઘેલા ઉર્ફે ભોપો તેમજ રાજેશ ઉર્ફે ચિરકુટ પણ સાથે હતો. ફરીયાદીને ઉભા કરવા જતા અજીતસિંહ પણ કાદવમાં પડી ગયા હતા. જેથી ભોપાએ ગાળાગાળી શરુ કરી હતી અને ચપ્પા જેવા તીક્ષ્મ હથીયાર વડે જયપાલસિંહ પર હુમલો કર્યો હતો.જયારે સાથે રહેલા ચીરકુટે પણ ધોકો ખભાના ભાગે મારતા ઈજા પહોંચી હતી. જયારે ફરીયાદીના કારીગર મયુદ્દીનને પણ બે યુવકોએ મોતની ધમકી આપી હતી. જયારે ફરીયાદીના મિત્રો તેમજ ભાઈ જયપાલસિંહ ને ઈજા પહોંચી હોવાથી ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા.જયાં તીક્ષ્ણ હથીયારના ઘા વાગતા ડોકટરે ટાંકા લેવાની ફરજ પડી હતી. બનાવ અંગે જયપાલસિંહે બંને યુવકો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તેઓને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.



ઉમીયા પર્યાવરણ ગ્રૃપ સેક્ટર-૨૬ કિસાનનગર દ્વારા આજે કિસાનનગર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણના આ કાર્યક્રમમાં મહેશભાઈ પટેલ, દિનેશભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, રાજેશભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, મહેશભાઈ પુરોહિત જોડાયા હતા. આ ગૃપ દ્વારા કિસાનનગર વિસ્તારમાં જ ૧૦૦ જેટલા લીમડાના વૃક્ષોનું વાવેતર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ વૃક્ષોના રક્ષણ માટે સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા દ્વારા ટ્રી ગાર્ડ પણ આપવામાં આવ્યા છે.

# મહેસુલ મંત્રીના ભાઈએ આત્મહત્યા કરી લીધી

ગાંધીનગર, તા.૯

અમદાવાદમાં ભાજપના કેબિનેટ મંત્રી કૌશિક પટેલના ભાઈ ગૌતમ પટેલે આપઘાત કર્યો છે. મળતી માહિતી પ્રમાણે, ગૌતમ પટેલે શીલજના શાલીન બંગલોમાં પોતાના રૂમમાં આત્મહત્યા કરી છે. ઘટના બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ગૌતમ પટેલના આપઘાતનું કારણ હજી અકબંધ છે. તેમના મૃતદેહને સોલા સિવિલ ખાતે પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડાયો છે. રાજ્યના મહેસુલ મંત્રી કૌશિક પટેલના મોટાભાઈ ગૌતમભાઈ પટેલે આજે સવારે શીલજ ખાતે શાલીન બંગલોઝમાં પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ ઘટનાની જાણ બોપલ પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે પોહચી તપાસ શરૂ કરી છે. અમદાવાદ ગ્રામ્ય નાયબ જિલ્લા પોલીસ અધિકારી કે.ટી. કામરિયાએ કહ્યું હતું કે, ગૌતમભાઈએ પોતાના ઘરે ઉપરના માળે જઈ ગળાફાંસો ખાધો હતો. અગમ્ય કારણોસર તેઓએ આત્મહત્યા કરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આત્મહત્યા સમયે તેમના પુત્ર અને પુત્રવધુ ઘરે હાજર હતા. ઘરમાંથી સ્યુસાઈડ નોટ મળી આવી નથી. તેમણે કયા કારણોસર આત્મહત્યા કરી છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે.

આકાશમાંથી કાચું સોનું વરસતું હોય તેમ વરસાદ વરસી રહ્યો છે જેનો હરખ ગરીબ હોય કે તવંગર સૌ કોઈને છે કેમ કે આપણે ત્યાં વર્ષભરના અર્થતંત્રની દિશા અને દશા ચોમાસા પર નિર્ભર હોય છે. જો કે વરસાદ વરસે તેની ખુશી ભલે હોય પરંતુ સાથે સાથે દરેક વ્યકિતને પોતાનું સ્વાસ્થ્ય જાળવવાની ફિકર પણ હોય છે. એમાં પણ અત્યારે ચાલી રહેલ કોરોના કાળમાં કોઈને પણ બિમાર પડવું પોસાય તેમ નથી. આ સ્થિતિમાં અર્થતંત્રના પાયાના પથ્થર સમા શ્રમજીવી વર્ગની આ મહિલા વરસાદથી બચવા સિમેન્ટની થેલીનો ઉપયોગ કરી રહી છે પરંતુ પલળીને બિમાર પડવું તેને પણ મંજૂર નથી.



# સોમનાથ લવાયેલા ભાજપના ૬૭ ધારાસભ્યો મોડી રાત્રે ગાયબ!

સોમનાથ, તા.૯

રાજસ્થાનના ઉદયપુરમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. કૉંગ્રેસ બાદ હવે ભાજપમાં રાજકીય સંકટને જોતા ખાનાખરાબીનો ડર સામે આવ્યો છે અને ભાજપે પોતાના ધારાસભ્યોને સાચવવા પોતાના ધારાસભ્યોને ગુજરાત મોકલી આપ્યા હતા. ગઈકાલે જયપુરથી સ્પેશ્યલ ફલાઈટ કરી ૬ ધારાસભ્યોને આજ મોડી સાંજે પોરબંદર અને ત્યાંથી સોમનાથ લાવવામાં આવ્યા હતા. દરમિયાન ગઈકાલે સોમનાથમાં રાજસ્થાન કૉંગ્રેસના ૬ ધારાસભ્યો માટે ૯ રૂમ બૂક કરવામાં આવ્યા હતા. ધારાસભ્યો મીડિયાના કેમેરા સામે ગઈકાલે સોમનાથ મંદિરમાં પ્રવેશતા જોવા મળ્યા હતા. જોકે, મોડી રાત્રે તેઓ સાગર દર્શનમાંથી ગાયબ થઈ જતા ખળભળાટ મચ્યો હતો. સૂત્રો જણાવી રહ્યા છે કે આ ધારાસભ્યો પૈકીના સોમનાથ લવાયેલા ધારાસભ્યો સાસણના રિસોર્ટમાં રાખવામાં આવ્યા છે. આ ધારસભ્યો દીવ પણ લઈ જવામાં આવ્યા હોવાની વકી છે. જોકે, ભાજપના સૂત્રોના જણાવ્યા મુજબ ધારાસભ્યોનું અલગ એક જૂથ દક્ષિણ ગુજરાત પણ લાવવામાં આવ્યું છે.

તેમને દક્ષિણ ગુજરાત અથવા તો મધ્યગુજરાત રાખવામાં આવ્યા છે. હવે જો રાજસ્થાન હાઈકોર્ટ બહુજન સમાજવાદી પાર્ટીના ધારાસભ્યોના કૉંગ્રેસમાં વિલયને ગેરકાયદેસર ઠેરવે તો ગેહલોત સરકાર સંકટમાં આવી શકે છે.

# મહાપ્રયાણ પહેલાં ભગવાન શ્રી કૃષ્ણનું પૃથ્વી પર આયુષ્ય ૧૨૫ વર્ષ, ૭ માસ અને ૭ દિવસ

ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે "ક્ષત્રિયોનું કર્મ શૌર્ય, ચતુરતા, દાન અને ધૈર્ય છે જ્યારે બ્રાહ્મણોનું કર્મ તપ, પવિત્રતા, જ્ઞાન અને ક્ષમા છે." એવી જ રીતે "ખેતી, ગાયોનું પાલન અને વેપાર એ વૈશ્યના સ્વાભાવિક કર્મ છે." તેમણે ગીતામાં કહ્યું છે કે "દંભ, ગર્વ, અભિમાન, ક્રોધ, કઠોરતા અને અજ્ઞાન એ આસુરી સંપત્તિ તરફ વળેલા મનુષ્ટોમાં ઉત્પન્ન થાય છે." વિશ્વમાં લોકોના

**દંભ, ગર્વ, અભિમાન, ક્રોધ, કઠોરતા, અજ્ઞાન એ આસુરી સંપત્તિ તરફ વળેલા લોકોમાં હોય છે**

આરાધ્ય દેવ ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ ખરેખર કઈ તિથિ અને ઈસુના કેલેન્ડર પ્રમાણે ઈસુના જન્મ પૂર્વે કઈ તારીખે થયો હતો, તેની ગણતરી પહેલીવાર કાશી સ્થિત અને વેદાન્ત પંડિત સ્વામી જ્ઞાનાનંદ સરસ્વતીએ કોમ્પ્યુટર, પુરાણો, શાસ્ત્રો અને મહાભારતના તલસ્પર્શી અભ્યાસ બાદ નક્કી કરી છે. આ સંશોધન અનુસાર કૃષ્ણ પૃથ્વીલોક પરથી વિદાય થયાને ૫૧૨૨ જેટલા વર્ષો થયાં છે. તેમણે ભગવાન શ્રી કૃષ્ણની જન્મકુંડળી બનાવી છે તે પ્રમાણે જેમનો જન્મ ઈસ પૂર્વે તા ૨૦-૨૧-૭-૩૨૨૮ ને રવિવાર-સોમવારે રાત્રે ૧૨ વાગ્યે મથુરામાં થયો હતો. હિન્દુ પંચાગ પ્રમાણે ચૈત્રાદિ સંવત ૩૨૮૫ તથા શક સંવત ૩૧૫૦ સંવર્તસર ભાદ્રાપદ માસ કૃષ્ણ પક્ષ ઉદિત તિથિ સપ્તમીમાં રોહિણી નક્ષત્રમાં થયો હતો. પુરાણો અને શાસ્ત્રોના અભ્યાસ પછી કરવામાં આવેલી ગણતરી પ્રમાણે કૃષ્ણનો જન્મ સાતમા વૈવસ્વત મનવન્તરની ૨૮મા દ્વાપરયુગના અંતિમ ચરણમાં ૮૬૩૮૭૪ વર્ષ ચાર માસ અને ૨૨મા દિવસે શ્રાવણ માસના કૃષ્ણપક્ષની અષ્ટમીના રોજ થયો હતો.

**રોહિણી નક્ષત્રમાં ભગવાનનો જન્મ થયો હતો...**

શ્રી કૃષ્ણના જન્મલગ્ન તથા રાશિ વૃષભ છે. રોહિણી નક્ષત્રમાં જન્મ હોવાથી સત્યમાં માનનારા, નિર્મળ હદયવાળા અને લોકકલ્યાણ કરનારા હોય છે. જન્મલગ્નમાં ચંદ્ર હોવાથી અને લગ્ન પર શનિની દ્રષ્ટિ હોવાથી જાતકનો ચહેરો અત્યંત મોહક અને શ્યામવર્ણો થાય છે. છઠ્ઠાભાવના કારક બુધ પોતાના કારક ભાવથી બારમે રહેવાથી મોસાળનું સુખ પ્રાપ્ત થતું નથી. શ્રીમદ આદ્ય જગતગુરૂ શંકરાચાર્ય વૈદિક શોધ સંસ્થાનના અધ્યક્ષ સ્વામી જ્ઞાનાનંદ કહે છે કે ભગવાન શ્રી કૃષ્ણએ પૃથ્વી પર ૧૨૫ વર્ષ સાત મહિના અને સાત દિવસનું આયુષ્ય ભોગવ્યું હતું. તેમણે ઈસ પૂર્વે ૩૧૦૨ની ૧૮મી ફેબ્રુઆરી ને શુક્રવારે ૨ કલાક ૭ મિનિટ અને ૩૦ સેકન્ડે મહાપ્રસ્થાન કર્યું હતું. કૃષ્ણ જન્મની કાલ ગણના માટે જ્ઞાનાનંદે સ્કંદપુરાણના પ્રભાસ પર્વ ઉપરાંત ભાગવત પુરાણ, વિશ્ણુ પુરાણ, મત્સ્ય પુરાણ, ભૃગુ સંહિતા અને મહાભારત મૌસલ પર્વનો અભ્યાસ કર્યો હતો.

**મહાભારતના યુદ્ધ સમયે ઉંમર ૮૯ વર્ષની હતી...**

દ્વાદશ જ્યોતિર્લિંમાં પ્રથમ એવા પુરાણ પ્રસિદ્ધ સોમનાથ જ્યાં બિરાજે છે તેવા પ્રભાસ ક્ષેત્રમાં શ્રી કૃષ્ણએ દેહત્યાગ કર્યો હતો. આ ક્ષેત્ર હરિ અને હરનું સંગમસ્થાન છે. ભગવાને પૃથ્વી પર ૧૨૫ વર્ષ સુધી દિવ્ય લીલા કરી હતી. મહાભારત યુદ્ધના છત્રીસ વર્ષ બાદ તેમણે મહાપ્રસ્થાન કર્યું હતું. મહાભારતના યુદ્ધ સમયે કૃષ્ણની ઉંમર ૮૯ વર્ષ બે માસ અને સાત દિવસની હતી. મહાભારતના યુદ્ધ વખતે જે અપશુકનિયાળ યોગ સર્જાયો હતો તેવો યોગ ૩૬ વર્ષ બાદ ફરીથી સર્જાયો ત્યારે ભગવાને દેહત્યાગ કર્યો હતો. શાસ્ત્રીક ગણનાંકો અને કોમ્પ્યુટર જેવા ઉપકરણોથી પ્રસ્થાપિત થયું છે કે કળિયુગનો પ્રારંભ ૧૮મી ફેબ્રુઆરી ૩૧૦૩થી થયો હતો.




**જન્માષ્ટમી એ ભગવાન કૃષ્ણનો જન્મદિન છે...**

હિન્દુ શાસ્ત્રોના મોટાભાગના ધર્મો અને સંપ્રદાયોમાં કૃષ્ણ ભગવાન તરીકે પૂજાય છે. તેમને જગદગુરૂ પણ કહેવામાં આવે છે. અત્યંત તેજસ્વી રાજા તરીકે તેમની છબી જોવા મળે છે. કૃષ્ણના દિવ્ય અવતાર, તેમના નટખટ બાળપણ અને યુવાવસ્થાની વાતો અનેક ગ્રંથોમાં જોવા મળે છે. દર વર્ષે આવતી જન્માષ્ટમી એ ભગવાન શ્રી કૃષ્ણનો જન્મદિન છે. ભગવાન વિષ્ણુએ અત્યાર સુધીમાં ૨૩ અવતાર લીધા છે જેમાં કૃષ્ણ અવતાર ખૂબ મહત્વનો છે. કૃષ્ણનો જન્મ મથુરાના કારાગૃહમાં થયો હતો. તેઓ માતા દેવકી અને પિતા વાસુદેવનું આઠમું સંતાન હતા. મામ કંસ કૃષ્ણને મારી નાંખશે તેવા ડરથી કૃષ્ણને કારાગૃહમાંથી બહાર કાઢી વાસુદેવ તેમના મિત્ર નંદલાલના ઘરે ગોકુળમાં મૂકી આવ્યા હતા. કંસ એ ૭ બાળકોને મારી નાંખ્યા હતા પરંતુ સાતમું સંતાન દિકરીના રૂપે માતા દુર્ગા હતા. કંસના હાથમાંથી છટકીને તેઓ આકાશમાં પ્રગટ થયા હતા અને કંસને કહ્યું હતું કે તારો કાળ પ્રગટ થઈ ગયો છે. આ દેવી દુર્ગા પુરાણ અનુસાર નંદા તરીકે ઓળખાય છે.

**ગાંધારીએ શ્રીકૃષ્ણને શ્રાપ આપ્યો હતો...**

મહાભારત મુજબ, કુરુક્ષેત્ર યુદ્ધમાં ગાંધારીના તમામ ૧૦૦ પુત્રો મૃત્યુ પામ્યા હતા. દુર્યોધનના મૃત્યુ પહેલાંની રાત્રે શ્રી કૃષ્ણ ભગવાને ગાંધારીની મુલાકાત લીધી હતી અને સમજાવ્યા હતા પરંતુ ગાંધારીએ કૃષ્ણને શ્રાપ આપ્યો કે તેમની સાથે સમસ્ત યાદવોનો વિનાશ થશે. કૃષ્ણ પોતે જાણતા હતા કે યાદવો ભવિષ્યમાં અભિમાની અને અધર્મી, ઘમંડી બની જશે જેથી તેઓએ 'તથાસ્તુ' કહેતાં ગાંધારીના ભાષણનો અંત આવ્યો હતો. શ્રીમદ્ ભાગવતમ્ અનુસાર ઋષિ દુર્વાસા સાથે યાદવ બાળકોએ મજાકમાં નાટક કર્યું હતું તેના પરીણામે તેમણે 'તમારો સમગ્ર સમુદાય મૃત્યુ પામે' એવો શ્રાપ આપ્યો હતો.

**શ્રી કૃષ્ણને બાણ મારનાર શિકારી બાલી હતો...**

૩૬ વર્ષ પછી, કોઈ પણ લડત વગર યાદવોનો નાશ થયો. યાદવો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યુ હતું. કૃષ્ણના મોટાભાઈ બલરામે તો યોગની મદદથી પોતાનું શરીર છોડી દીધું હતું હતું જ્યારે કૃષ્ણએ જંગલમાં એક વૃક્ષ હેઠળ ધ્યાન શરૂ કર્યું ત્યારે એક શિકારીનું તીર તેમના ડાબા પગમાં લાગતા તે સમયે તેમનું મૃત્યુ થયું હતું. આ સ્થળ આજે ભાલકા તીર્થ તરીકે ઓળખાય છે, જે ગુજરાતમાં સોમનાથની નજીક આવેલું છે. પૌરાણિક કથાઓ અનુસાર એ શિકારી રામાવતારના સુગ્રીવનો ભાઈ બાલી હતો. તે અવતારમાં કૃષ્ણએ બાલીનો વધ છળથી કર્યો હતો આથી બાલીએ વરદાન માગ્યું હતું કે દ્વાપરમાં પોતાના હાથે કૃષ્ણનું મૃત્યુ થાય. ભાગવત મહાપુરાણમાં જણાવ્યા મુજબ જે સમયે કૃષ્ણએ આ પૃથ્વી છોડી તે ઘડીએ જ દ્વાપર યુગનો અંત અને કળિયુગનો પ્રારંભ થયો.



**ક્ષત્રિયોનું કર્મ – શૌર્ય, ચતુરતા, દાન, ધૈર્ય, જ્યારે બ્રાહ્મણોનું – તપ, પવિત્રતા, જ્ઞાન અને ક્ષમા**

**શ્રી કૃષ્ણ વૈષ્ણવ સંપ્રદાયના આરાધ્ય દેવ છે...**

હિંદુ ધર્મમાં વૈષ્ણવ માન્યતા ભગવાન કૃષ્ણ વિષે એકેશ્વરવાદ ધરાવે છે, બીજા શબ્દોમાં કહીએ તો વૈષ્ણવ માન્યતા ધરાવતા દરેક સંપ્રદાયમાં ભગવાન કૃષ્ણને જ આરાધ્ય દેવ ગણવામાં આવે છે. 'રૂઢીચુસ્ત ગૌડીય વૈષ્ણવો'ના મત મુજબ કૃષ્ણનું સ્વરૂપ ત્રણ

**મહાભારતના યુદ્ધ સમયે ભગવાન શ્રીકૃષ્ણની ઉંમર ૮૯ વર્ષ બે માસ અને સાત દિવસની હતી**

પ્રકારે વિસ્તાર પામે છે, જેમાં-- તેમનું સ્વયં રૂપ અથવાતો દિવ્ય સ્વરૂપ સ્વયં સ્થિત છે એટલે કે અન્યાશ્રિત નથી. તેમનું તદેકાત્મ રૂપ હુબહુ તેમનાં મુળ રૂપ જેવું જ છે, પરંતુ દેખાવમાં તે કૃષ્ણના મૂળ દેખાવ કરતાં જુદું હોય છે. જ્યારે તેમનાં આવેશ રૂપમાં કૃષ્ણ પોતાના મૂળ રૂપના જુદાં જુદાં અંશ સાથે વિવિધ સ્વરૂપે અવતરે છે. વૈષ્ણવ માન્યતામાં કૃષ્ણ અને વિષ્ણુ – એ બન્નેમાંથી પહેલાં કોણ આવ્યું તે અંગે મતમતાંતર પ્રવર્તે છે. વૈષ્ણવ માન્યતાના તમામ સંપ્રદાયમાં વિષ્ણુને પરમાત્મા માનવામાં આવે છે જે બધાં અવતારોનાં મૂળ સ્ત્રોત છે, જ્યારે કૃષ્ણને વિષ્ણુના પૂર્વ અવતાર ગણવામાં આવે છે. આ કારણોથી તેમને વિષ્ણુથી અભિન્ન ગણવામાં આવે છે. કેટલાક વૈષ્ણવ સંપ્રદાય કે જેમાં ગૌડીય વૈષ્ણવ, વલ્લભ અને નિંબાર્ક સંપ્રદાયમાં કૃષ્ણને ભગવાન તરીકે પૂજવામાં આવે છે. કૃષ્ણને જ બધાં અવતારોનું મૂળ ગણવવામાં આવે છે.

**ભગવદ ગીતામાં ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક છે...**

હિંદુધર્મનાં વિવિધ ધર્મગ્રંથો પૈકી ગીતાનું મહત્ત્વ અલૌકિક છે. ગીતાને સ્મૃતિ ગ્રંથ પણ માનવામાં આવે છે. મૂળ ભગવદ્ ગીતા સંસ્કૃતમાં રચાયેલી છે. ગીતા થોડા શ્લોકોના અપવાદને બાદ કરતાં અનુષ્ટુપ છંદમાં છે. ગીતાનો સમયકાળ ઈ.સ. પૂર્વે ૩૦૬૬નો માનવામાં આવે છે. મહાભારતમાં યુદ્ધના પ્રથમ દિવસે પાંડવ અર્જુન પોતાના મિત્ર, માર્ગદર્શક, અને સારથી બનેલા શ્રી કૃષ્ણને પોતાનો રથ બન્ને સેના વચ્ચે લેવાનું કહે છે. બન્ને સેનાનું વિહંગાવલોકન કરતી વખતે અર્જુનને લાખો લોકોના મૃત્યુનો ખ્યાલ આવે છે અને યુદ્ધના પરિણામોથી તે ભયભીત થઈ, યુદ્ધ ન કરવાના વિચાર કરે છે. તેના હાથમાંથી ધનુષ્ય પડી જાય છે અને માર્ગ ન સૂઝતાં કૃષ્ણને માર્ગદર્શન માટે પૂછે છે. અર્જુન અને કૃષ્ણના સંવાદો મહાભારતના ભીષ્મ પર્વમાં છે, તે ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોક ગીતા તરીકે પ્રચલિત છે. ગીતામાં અર્જુન માનવનું પ્રતિનિધિત્વ કરે છે અને માનવ તરફથી ભગવાન કૃષ્ણને જીવનને લગતા વિવિધ પ્રશ્નો કરે છે. ગીતાના ૧૮મા અધ્યાયના અંતે ભગવાન કહે છે કે -- સાચો માર્ગ શું છે તે મેં તને જણાવ્યું, હવે તારે જે પ્રમાણે વર્તવું હોય તે મુજબ કર... ગીતા કોઈ સામાન્ય ધર્મગ્રંથની જેમ કશું કરવા માટે આગ્રહ કરતી નથી, પરંતુ સાચો માર્ગ બતાવી માનવને નિર્ણય લેવા માટે સ્વતંત્રતા આપે છે.